॥ શ્રી ॥

શુકનાવળી

અથવા

પ્રશ્નાવળી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.

આવૃત્તિ ૫ મી.   પ્રત ૪૦૦૦.

અમદાવાદ

ધી "નટવર" પ્રિન્ટિંગ પ્રેસમાં

મણીલાલ નારણદાસ બાટીવાળાએ છાપી.

સંવત ૧૯૬૪   ઈ.સ. ૧૯૦૮

કીંમત રૂ. ૦—૧—૦

શુકનાવળી પ્રારંભ.

આપણા દેશી લોકો કંઇ કામ કરતા પહેલા તેનો એ વિચાર કરે છે કે આનુ શુ થશે, તે વિચાર વિષે મનનુ સમાધાન કરવાને શુકનાવળી વિગેરે જોવરાવવાની ઘણી હોશ ધરાવે છે તે માટે આ ચોપડી પ્રસિધ્ધ કરી છે.

આ ચોપડી જોવાની રીત એવી છે કે પ્રથમ મનમા જે કામ કરવાનુ હોય તે ધારવુ અને પછી નીચેના કોઠાના જે આકડા માંડેલા છે તે આકડામાથી ગમે તે ત્રણ આકડાની રકમનુ એક ખાનુ મનમા ધારવુ અને [illegible] પ્રમાણે [illegible] રકમને મળતો આકડો તથા તેનુ વર્ણન આગળ લખેલુ છે તે પ્રમાણે ધારેલા આકડાને મળતો આકડો શોધી કાઢવો પછી તેજ શોધી કાઢેલા આકડાને લગતી હકીકત વાચી જોવી અને તે હકીકત એ માણસે ધારેલા કામને અંગે સમજવી એવો આ શુકનાવળીનો હેતુ છે

વરગ ૧ લો.

૧૧૧	૧૧૨	૧૧૩	૧૧૪
૧૩૧	૧૩૨	૧૩૩	૧૩૪
૨૧૧	૨૧૨	૨૧૩	૨૧૪
૨૩૧	૨૩૨	૨૩૩	૨૩૪
૩૧૧	૩૧૨	૩૧૩	૩૧૪
૩૩૧	૩૩૨	૩૩૩	૩૩૪
૪૧૧	૪૧૨	૪૧૩	૪૧૪
૪૩૧	૪૩૨	૪૩૩	૪૩૪

વરગ ૨ જો.

૧૨૧	૧૨૨	૧૨૩	૧૨૪
૧૪૧	૧૪૨	૧૪૩	૧૪૪
૨૨૧	૨૨૨	૨૨૩	૨૨૪
૨૪૧	૨૪૨	૨૪૩	૨૪૪
૩૨૧	૩૨૨	૩૨૩	૩૨૪
૩૪૧	૩૪૨	૩૪૩	૩૪૪
૪૨૧	૪૨૨	૪૨૩	૪૨૪
૪૪૧	૪૪૨	૪૪૩	૪૪૪

૧૧૧. આ શુકન ઘણા સારા છે તમને જે કામની ચિંતા છે તે મટશે ઝગડામાં જીતશો. વેપાર રોજગાર સારી રીતે ચાલશે તમારા દીવસ સારા આવ્યા છે મનમાં ધાર્યું કામ પાર પડશે. એની નીશાની તમારા જમણા પગની ઝાંઘે તલ છે. ૧

૧૧૨. આ શુકન મધ્યમ છે. ધાર્યું કામ થશે નહી બીજું કામ ધારજો તમારા મનમાં ઘણી ચિંતા છે તેથી ઘણો પસ્તાવો થાય છે. તમારા દિવસ મધ્યમ છે તેથી શનીશ્વરની પુજા કરજો લાભ થશે. મનની ચિંતા મટશે અને શની દેવતા પરસન થશે. એની નીશાની તમારી સ્ત્રી જુઠું બોલે છે. ૨

૧૧૩. આ શુકનથી તમને લાભ થશે. મનની ચિંતા મટશે ને ફરજંદ લાભ થશે, તમારા દિવસ મધ્યમ હતા તે ગયાને હવે સારા આવ્યા છે તેનો વિશ્વાસ રાખજો. માતા અંબાજીનુ વચન છે એની નીશાની તમારી જમણી કુખે તલ છે. ૩

૧૧૪. આ શુકન ઘણા સારા છે. કુટુંબની વૃદ્ધિ થશે. ને તમારૂ ભલુ થશે. ભોમીલાભ અર્થલાભ. અને લક્ષલાભ થશે તથા કંઇક સગપણ થશે મિત્રનો મેળાપ થશે. આજથી ત્રણ મહિના સારા છે. ગુરૂ દેવતાની પુજા કરજો જેથી મનના મનોરથ ફળશે માતા બહુચરાજીનુ વચન છે એની નીશાની તમારી સ્ત્રીની પીઠે તલ છે. ૪

૧૨૧. આ શુકન ઘણા સારા છે મનમા જે કામ ધારો છો તેમાં લાભ પામશો કુળદેવતાની પુજા કરજો મનના મનોરથ પાર પડશે ને લાભ થશે, સજ્જનથી મેળાપ થશે જેનાથી મેળાપ કરવાનો વિચાર છે તેનો મેળાપ થશે ને ઘણો લાભ થશે, ચિંતા મટીને સુખ ઉપજશે. લક્ષ્મીમાતાનું વચન છે એની નીશાની તમારી જમણી જાગે તલ છે. ૫

૧૨૨. આ શુકન ઘણા લાભકારી છે, કંઇ બીજા નવા વેપારમાં લાભ થશે ધંધો રોજગાર સુઝશે, પરદેશથી અણધાર્યો લાભ થશે માસ ૧ મા તમને એક મોટી ખુસાલી ઉપજશે, પણ કોઇનો વિશ્વાસ કરશો નહી માતા બ્રમાણીનુ વચન છે એની નીશાની તમારો ે તમારી સ્ત્રીને ઘણી પ્રીતિ છે. ૬

૧૨૩ આ શુકન ઘણા સારા છે માટે કંઇ શુભ કામ થશે કુટુંબની વૃદ્ધિ થશે, સ્ત્રી લાભ થશે, સજ્જનથી મેળાપ થશે, પરદેશ તરફથી એક મોટી ખુશાલી ઉપજશે તમારા મનમા એક ચિંતા છે તે દીન ૨૭ માં મટશે ધાર્યું કામ થશે, શતરૂનો નાશ થશે. તમારા મનની ગુપ્ત ચિંતા મટશે, તમારા દિવસ સારા આવ્યા છે. માતા મહાકાળીનુ વચન છે. એની નિશાની તમે ઘરમાં કકળાટ કર્યા પછી પસ્તાવો કરો છો. ૭.

૧૨૪. આ શુકન સારા છે, ભાઇથી મેળાપ થશે. ધાર્યાં કામ પાર પડશે. વેપારમા લાભ થશે, મનની ચિંતા મટશે, ફરજંદનો લાભ થશે. ચાતુર ફળ થશે રાજાની તરફથી સન્માન મળશે કુળદેવતાની પૂજા કરજો ગુરૂને દાન આપજો કે જેથી લાભ થશે, માતા રૂદ્રાણીનુ વચન છે. એની નિશાની એ છે કે તમે ત્રણ દીવસમાં એક ગુપ્ત કામ કર્યું છે. ૮

૧૩૧ આ શુકન ઘણા લાભના છે, કુટુંબની વૃદ્ધિ થશે જે વસ્તુ પાછી ગઇ છે તે હાથમા આવશે. જેનાથી પ્રીતી તુટી છે તેનાથી મેળાપ થશે, પુત્રનું તથા સ્ત્રીનુ સુખ થશે જે કાંઇ કામ કરવાનુ તમે ધારો છો તે કરજો, પણ તમે ઉતાવળ કરશો નહીં એ કામમાં તમને મોટી ખુશાલી ઉપજશે. તમે મંગળનુ વ્રત કરજો માતા મહાકાળીનુ વચન છે એની નિશાની તમારી દુકાન ઉપર ધરાક બેઠાં છે તેની તમને ચિંતા છે. ૯

૧૩૨. આ શુકન ફતેહના છે જે કામ કરવાનો વિચાર કરો છો તે કામ સારી રીતે પરીપૂર્ણ થશે સ્ત્રીથી મેળાપ થશે સજ્જનથી પ્રિતી વધશે, મનમા એક ગુપ્ત ચિંતા છે તે એક સ્ત્રીથી મટશે સંતોષ રાખજો પૂત્રલાભ, ધનલાભ, પૂર્વ દિશાએથી પણ એક લાભ થશે, ગયુ ફળ પાછું મળશે, ગૃહની પુજા કરજો; તેથી મનના મનોરથ ફળશે. માતા કાળકાનુ વચન છે એની નિશાની તમારી ઇંદ્રી ઉપર જમણે પાસે તલ છે ૧૦

૧૩૩. આ શુકન ઘણા મધ્યમ છે મનમા ચિંતા ઉત્પન્ન

થાય, ધનનો નાશ થાય શરીરે કષ્ટ ઉપજે મનમાં ધારેલું કાર્ય નિ-ષ્ફળ થાય, તમારી સ્ત્રીને શરીરે કષ્ટ ઉપજે ને પાછળથી પસ્તાવું પડે. હનુમાનજીનુ વચન છે. એની નિશાની તમારા ઘરની નજીક એક ઝાડ છે ૧૧.

૧૩૪ આ શુકન સારા છે દુશ્મનથી જીતશો, રાજાથી કોઇ મોટા આદમીથી, પૂર્વ દિશાથી તથા દક્ષિણ દિશાથી લાભ થશે તમારા બુરા ગ્રહ હતા તે ગયા ને હવે સારા થયા છે કુળ દેવતાની પુજા કરજો તેથી શત્રુનો નાશ થશે, માતા તુળજાનુ વચન છે. એની નિશાની તમારી જમણી ભૂજાએ તલ છે

૧૪૧ આ શુકનથી તમને વેપારમા ઘણો લાભ થશે વિવાહ તથા પૂત્રનો લાભ થશે તમારા શત્રુ તમને પગે લાગશે. એક માસમાં તમને ધનની પ્રાપ્તિ થશે જગન્નાથજીનુ વચન છે એની નિશાની તમારે તમારી સ્ત્રી સાથે લડાઇ છે ૧૩

૧૪૨ મંગળીકના વાજા વાગશે, ધનનો લાભ થશે, ભાઇથી પ્રિતીથી વરતશે, મનની ચિંતા મટશે, કુટુંબની વૃદ્ધિ થશે, મજાજનથી મેળાપ થશે, ધારેલી વાતમા સંતોષ રાખજો જે જે વસ્તુમા તમે નુકશાન ધારો છો તેમા લાભ થશે તમારા હાથમાથી ગએલી વસ્તુ પાછી તમારાજ હાથમા આવશે, રાજમાન્માન મળશે મનના મનોરથ પરિપૂર્ણ થશે, માતા અંબાજીનુ વચન છે એની નિશાની તમારે કોઇથી લહેણુ નથી ૧૪

૧૪૩ આ શુકનથી ધારેલુ કામ પાર પડશે, ભવાનીની પૂજા કરજો તેથી મંગળીક થશે કન્યાલાભ તથા લક્ષ્મીલાભ થશે તમારા મનની ચિંતા મટશે. પણ તમારે એક શત્રુ છે તે તમને દગો કરવા કરે છે, તેનો વિશ્વાસ રાખશો નહી એક વખત આગળ પણ તમને તેણેજ દગો કર્યો છ માટે જાગ્રત રહેજો માતા મહાકાળીનુ વચન છે એની નિશાની તમારી ઇંદ્રી ઉપર તલ છે. ૧૫

૧૪૪ આ શુકન ધર્મના છે. સંપત મળશે મનના મનોરથ ફળશે, તમારા ગ્રહ સારા આવ્યા છે, તમે મંગળની પૂજા કરજો

..ા તમારા શતરૂનો નાશ થશે માતા ભદ્રકાળીનું વચન છે એની નિશાની તમારે મિત્રની જોડે અણબનાવ રહે છે ૧૬

૨૧૧. આ શુકન ઘણા સારા છે, તમે તમારા મનમાં જે મોટું કાર્ય ધાર્યું છે તે પરિપૂર્ણ થશે ધર્મનુ બળ તમને મોટુ છે હવે તમને ઘણુ સુખ થશે મિત્રનો લાભ તથા ભાઇનો મેળાપ થશે, વેપારમાં નફો થશે, પૂત્રનો લાભ થશે તમે શનીશ્વરની પૂજા કરજો જેથી તમને સુખ થશે, માતા તોતળાજીનુ વચન છે એની નીશાની તમારે તમારી સ્ત્રી જોડે સદા ક્લેશ રહે છે ૧૭

૨૧૨ આ શુકનથી મંગળીકના વાજા વાગશે, ઘરને વિષે લાભ થશે મિત્રથી મેળાપ થશે પુત્રલાભ તથા ધનલાભ થશે ચાતુરઋળ લાભ થશે તમને પરદેશમા કઇ કામને માટે જવાની ફીકર છે તે કુળદેવતાના પૂજા કરવાથી મટશે, શતરૂનો નાશ થશે જગન્નાથજીનુ વચન છે એની નીશાની તમારી સ્ત્રી ઘણી જોરાવર છે. ૧૮

૨૧૩ આ શુકનથી તમારા મનની ચિંતા મટશે અને ધનનો લાભ થશે તમારા મનમા ખુશાલી ઉપજશે એક માસમાં તમારૂ કામ પરીપૂર્ણ થશે ભાઇનો સંજોગ થશે કુટૂંબનુ સુખ ઉપજી શરીરે શાતા રહેશે પદ્વિ પામશો તમારો એક શતરૂ છે તેનો નાશ થશે. તમારા દીવસ ઘણા સારા આવ્યા છે, તેથી ગુરૂની પુજા કરજો તમારૂ કાર્ય પરિપુર્ણથશે માતા ખોડીયારનુ વચન છે એની નીશાની તમારા ઘરમા વડુવાનુ ધન છે ૧૯

૨૧૪ આ શુકનથી તમને ઘણો લાભ થશે, વસ્તુ તમારા હાથમાથી ગઇ છે તે પાછી આવશે. વળી તમને પરદેશથી મોટો લાભ થશે, તમારા મનમા એક ગુપ્ત ચિંતા છે તે પણ મટશે. પુર્વદિશાથી ધનલાભ થશે, તમારો એક શતરૂ છે તેનો વીશ્વાસ કરશો નહી ને કુળદેવતાની પૂજા કરજો ગ્રહનુ દાન કરજો તેથી સારૂં થશે, માતા આશાપુરીનુ વચન છે એની નિશાની તમારે એક મોટી ઘાત ગઈ છે. ૨૦

૨૨૧ આ શુકનમા તમને ત્રણ વરસ થયા સુખ નથી લો હવે ત્રણ વરસ સુધી મહા સુખ રહેશે તમારા મનમા મોટી ચિંતા

છે તે મટશે, તમારૂ નશીબ ચંચળ છે દુ ખ હતા તે ગયાં ને હવે સુખ થશે મનના મનોરથ ફળશે તમારા હાથે એક વસ્તુ ગઇ છે તે પાછી આવશે અને ઘુણુ સુખ થશે માતા ગાએત્રીનુ વચન છે એની નિશાની તમારે પાણીની મોટી ધાત ગઈ છે ૨૧

૨૨૨ આ શુકન મધ્યમ છે. મિત્રથી વીરોધ થશે. શતરૂ મેળાપ થશે જે કામની તમારા મનમા ચિતા છે પાર પડવી મુસ્કેલ છે ધનની હાની થશે, મનની ચિતા મટશે નહીં. તમે શનીનું દાન કરજો તેથી તમને કાક શાન્તી થશે માતા જળદેવીનુ વચન છે, એની નિશાની તમારી જમણી ભુજાએ તલ છે ૨૨

૨૨૩. આ શુકનનુ ફળ મધ્યમ છે ક્લેશ ઉપજશે જે કામ કરવાનો મનમા વિચાર છે તે જુ ઠુ છે કરશો તો લોકમા નિંદા થશે. ભાઇના જોડે કલેશ પેદા થશે, વેપારમા ટોટો આવશે માટે બીજું કામ કરવાનો વિચાર કરજો ને શનીશ્વરનું દાન કરજો માતા હીંગળાજનુ વચન છે એની નીશાની તમે રાતે સ્વપ્નમા જળ દેખો છો. ૨૩

૨૨૪ તમારા મનમાં સ્રીની ચિંતા ઘણી છે ને ૫ડે ક્લેશ ઘણો કરો છો પણ હવે તમે વિશ્વાસ રાખજો, હવે તમારે સારૂ થશે તમારા ખોટા દિવસ હતા તે ગયા ને હવ સારી આવ્યા છે. દેવ તથા ગુરૂની ભક્તિ કરજો તેથી કામ પરિપુર્ણ થસે ગુરૂને પૂજ્યે લાભ થસે સીતાજીનુ વચન છે એની નિશાની તમારી ડાબી બાજુ-પર તલ છે. ૨૪

૨૩૧ આ શુકનથી મ ગળીકના વાજા વાગસે, પુત્રનો લાભ થસે તમારો શતરૂ તમને પગે લાગસે, ધનનો લાભ થસે, કૂળ દેવતાની પુજા કરજો જગન્નાથજીનુ વચન છે એની નિશાની તમારે માથે ઘરનો ભાર છે. ૨૫

૨૩૨. આ શુકનનું ફળ મધ્યમ છે તમે તમારા મનમાં એક ખોટા કામનો વીચાર ધાયા છે તે કામ થસે નહી ને ઉલટો તમારા મનમાં ભય પ્રાપ્ત થસે, અને હાનુ થપે, શરીરે કષ્ટ ઉપજી કુટુ

ત્યાં તમા સ્ત્રી જોડે કલેશ થશે માટે કાંઇક ધર્મ કરજો તેથી સુખ થશે, તમે ૧ હુનું દાન કરજો જેથી સુખ થશે હનુમાનજીનું વચન છે એની નિશાની તમે તમારી દેહીએ પસ્તાવો કરોછો ૨૬

૨૩૩. તમારા મનમાં ધારેલુ કામ પાર પડશે ને જશ પામશો તમને પરકાર્યની ચિંતા છે તેથી તમારા મનમાં તમે ખોટા વિચાર કરો છો. માટે કાંઇ કામ કરો તે વીચારીને કરજો અથવા બીજુ કામ કરજો તેમાં લાભ થશે કુળદેવતાની પૂજા કરજો તેથી તમારૂં ધારેલું કામ પાર પડશે. તમે મંગળનુ વ્રત કરજો. માતા અબાજીનુ વચન છે એની નિશાની તમારા મનમાં ફીકર છે ૨૭

૨૩૪. આ શુકનથી તમારૂ ધારેલું કાર્ય પરીપુરણ થશે કુટુંબને કલેશ મટશે, ગુપ્તની વાત કોઇ પાસે કરસો નહી તમારા ભુંડા દીવસ હતા તે ગયા અને હવે સારા આવ્યા છે તેથી તમને ધનનો લાભ થશે, દુખ મટશે, જસ વધશે, ઇષ્ટદેવની ભક્તિ કરજો, એની નીશાની તમારા મનમાં ગુપ્ત ચિંતા છે ૨૮

૨૪૧. આ શુકનથી તમને લાભ થશે. તમાર મનમાં સ્ત્રીની ચિંતા છે તે મટશે, સ્થાનકની વૃદ્ધિ થશે, એક મનુષ્યની તમારે પ્રીતી તુટી છે તેની જોડે પાછી પ્રીત થશે, એક તમારી જાતનો તમારી જોડે અદેખાઇ કરે છે તે દુર થશે, તમે હનુમાનની પુજા કરજો તમારા મનમાં તમે જે કામ ધાર્યું છે તેમા ફતેહ પામશો માતા જળદેવીનુ વચન છે એની નીશાની તમારી સ્ત્રીને પેટે તલ છે. ૨૯

૨૪૨. આ શુકનથી તમને બમણો લાભ થશે અને મનના મનોરથ ફળશે ધારેલી વસ્તુ મળશે જે આદમીથી મનમા લાભ થવાની ઇચ્છા છે તે આદમીથી લાભ થસે તમારા દુશ્મનની ખરાબી થશે ને તમારૂ ભલુ થશે તમે શનીશ્ચરની પુજા કરજો તેથી ધાર્યું કામ પાર પડશે માતા બ્રમાણીનું વચન છે, એની નીશાની તમારી જમણી ભુજાએ તલ છે. ૩૦

૩૪૩. આ શુકનથી શરીરે સારૂ રહેસે હવે તમારે દીવસ સુખના આવ્યા છે મનના મનોરથ ફળસે, ધનનો લાભ થસે કલેશ ટળશે એક અણધાર્યો લાભ થસે સતાનનો લાભ થસે, દુસ્મનનો

નાશ થસે તમે મંગળની પુજા કરજો, જેથી તમારા મનગમતા રે થસે માતા કાળકાનુ વચન છે એની નિશાની તમારી જમણી કૂખે તલ છે ૪૧

૨૪૪. આ શુકન ઘણા સારા છે તમારૂ કામ સિદ્ધ થસે તમારા દીવસ ફીકરમા જાય છે. પણ તમારા મનમા સતોષ રાખજો તમારૂ કામ પરી પુરણ થસે એક આદમી તમારૂ કામ બગાડે છે તેનો વિશ્વાસ કરસો નહીં તમને પુત્રનુ તથા સ્ત્રીનુ સુખ થસે તમે શનીનુ વ્રત કરજો તેથી તમારૂ ધાર્યું કામ પાર પડસે એવુ શીવજીનુ વચન છે એની નિશાની તમારી ઈદ્રી ઉપર તલ છે.

૩૧૧. આ શુકન ઘણા સારા છે તમને ઘરની ધનની તથા પરગામ જવાની કઈક ચિતા છે તે મટસે પણ તમારા કુળદેવતાની તથા ગુરૂની પુજા કરજો જેથી મનના મનોરથ ફળસે તમારા શતરૂ છે તે ટળસે રાજાની તરફથી લાભ થસે માતા તોતળાજીનુ વચન છે એની નિશાની તમારી સ્ત્રી ઘણી રીસાળ છે. ૩૩

૩૧૨ આ સુકનથી મનના મનોરથ ફળસે ધનનો લાભ થસે, કુટુબની રૂદ્ધિ થસે, શરીરની કસ્ટી મટસે, ઘણા દીવસની ચિતા તથા રોગ છે તે મટસે, મનને ખુશીમા રાખજો વપારમા લાભ થસે જે કામ ધાર્યું છે તે પાર પડસે માતા લક્ષમીજીનુ વચન છે એની નીશાની તમારે તમારી સ્ત્રીની સાથે પ્રીતી છે. ૩૪

૩૧૩. તમને ધનની ચિતા છે પણ તમારો સ્વભાવ ઘણો હઠીલો છે તેથી તમારા દુસ્મન ઘણા છે મિત્ર પણ શતમ છે પણ તમારૂ ભલુ થાય છે એ કામ તમે કરસો તો પછી ઘણો પસ્તાવો થસે માટે બીજુ કામ કરજો તેમા સુખ થસે તમારી ગુમની ચિતા મટસે, ભલુ થસે, માતા ખોડીઆરનુ વચન છે એની નીશાની તમે રાત્રે જગતા હોઆ છો ૩૫

૩૧૪. આ શુકનથી મનની ધારેલી કલ્પના પાર પડસે, ધનનો લાભ થસે સર્વ કામ સિદ્ધ થસે મનમા ઘણો સતોષ રાખજો તમે ધર્મીષ્ટ છો માટે મનમા ચિતા રાખસો નહીં તમે જે પરકાજ કરો છો તેમા તમારે ઘણો જશ છે ને તેથી હવે તમારૂ ભલુ થસે

તમે મંગળ પુજા કરજો તેથી તમારો જશ વધસે ને ધાર્યું કામ સિદ્દ થસે માતા માતરેશીનુ વચન છે એની નિશાની તમારા ઘરમાં ગુપ્ત ધન છે ૩૬

૩૨૧. આ શુકન મધ્યમ છે, તમારા મનમાં ચિંતા ઘણી છે જે કામ તમે કરવુ ધારો છો તે સિદ્ધ નહિ થાય ને ઉલટુ વાંકુ થસે, માટે બીજુ કામ કરજો, એ કામ કરસો તો અપજશ તથા કલેશ ને હાની થસે એક મહીના સુધી તમને ચિંતા છે રાજા તરફથી કંઇક ભય ઉત્પન્ન થસે. માટે જે કામ કરો તે વિચારીને કરજો તેથી લાભ થસે તમે હનુમાનજીની પુજા કરજો ગૃહને દાન આપજો જેથી તમારૂ ભલુ થસે માતા મહાકાળીનુ વચન છે એની નિશાની તમારે કોઈની સાથે લેહેણુ નથી. ૩૭

૩૨૨ આ શુકનથી તમને લાભ થસે, તમારા મનની ચિંતા મટસે, તમને તમારા મિત્રથી ભાઇથી ઘણી ખુશાલી પ્રાપ્ત થસે. શરીરે સંતોષ થસે વેપારમા ધનનો લાભ થસે રાજકાજથી ખુશાલી ઉપજી ઉત્તમ ફળની પ્રાપ્તી થસે. સ્ત્રીથી સુખ ઉપજસે તમે કુળદેવતાની પુજા કરજો માતા વાઘવરૂાનુ વચન છે એની નિશાની તમારે માથે ઘરનો ભાર છે. ૩૮

૩૨૩ આ શુકનથી તમને જશ મળસે, દુખ ટળસે. શત્રુનો નાશ થસે, સજ્જનથી મેળાપ થસે, તમારા સર્વ ગૃહ સંતોષના છે મનની ચિંતા મટસે, સ્ત્રી, પુત્રથી સુખ ઉપજસે મન ધાર્યો લાભ થસે. પુર્વ તથા ઉત્તર તરફથી એક લાભ થસે તેથી તમે ગૃહની પુજા કરજો-કે જેથી તમારૂ ધાર્યુ કામ પાર પડસે માતા કલ્યાણીનુ વચન છે એની નીશાની તમારે વાત કફનો શ્વાસ રહે છે. ૩૯

૩૨૪. આ શુકન સારા છે ખેતી તથા બીજા વેપારમા લાભ થસે ને તેમા ધનની પ્રાપ્તી થસે મન ધાર્યુ કામ સિદ્ધ થસે, તમારા મનમા કંઇ કામની ગુપ્ત ચિંતા છે તે મટસે તમારા શત્રુ તમને પગે લાગસે માટે તમે તમારા કુળદેવતાની પુજા કરજો ભૈરવનુ વચન છે એની નીશાની તમારા મનમા ગુપ્ત ફીકર રહે છે ૪૦

૩૩૧. આ શુકન સારા છે, મન કામના સિદ્ધ થસે કુકુંભ તથા લક્ષ્મી લાભ થસે, કુળદેવતાની પૂજા કરજો તેથી તમારૂં સારૂ થસે વેપારમાં લાભ મળસે. તમારા મનમાં રાખજો, તમે ધર્મી છો તેથી તમારૂ કામ પાર પડસે પણ તમે મગળની પુજા કરજો તેથી તમારૂ કામ પરિપુર્ણ થસે માતા લોકાઇનુ વચન છે. એની નિશાની તમારી જમણી ભુજાએ તલ છે. ૪૧

૩૩૨. તમે તમારા મનમાં જે કામ ધાર્યું છે તે થસે નહિ, બીજુ કામ કરજો તમારી ગૃહસ્થા ભુડી છે મીત્ર છે તે શતરૂ સમાન છે બે ત્રણ વરસ થયા તમને ઉચાટ છે તમે મનના ભોળા છો માટે ધીરજ રાખે સારૂ થસે તમે રાહુની પૂજા કરજો તેથી તમારૂં કામ પાર પડસે માતા વરાઇનુ વચન છે. એની નિશાની તમારી છાતીએ તલ છે. ૪૨

૩૩૩. આ શુકનથી તમારા મનમા ધારેલુ કામ પાર પડસે ને તેમા લાભ મળસે તમે તમારા મનમાં ચિતા કરસો નહી તમારે સારા આદમીથી પ્રીતી વધસે અને સ્ત્રી તથા સતાનનું સુખ થસે કુળદેવતાની પૂજા કરજો તમારા મનમાં એક ગુપ્ત ચિતા છે તે મટસે, માતા મહાકાળીનુ વચન છે એની નિશાની તમારી જાગે તલ છે. ૪૩

૩૩૪. આ શુકનથી તમને લાભ થઇ મનના મનોરથ ફળસે ને અણધાર્યો લાભ થસે તમારો ગયો વેપાર હાથ આવસે, ભાઇબધથી લાભ થસે તમારે જે દુખ છે તે જસે ને ઘણુ સુખ થસે તમે તમારા મનમા એક સારૂ કામ ધાર્યુ છે તે કામથી તમને લાભ થસે તમારી સ્ત્રીને સતાન થસે દુસ્મનનો નાશ થસે ને શરીરે સુખસાતા થસે તમે ભવાનીની પૂજા કરજો તેથી તમારૂ કામ પાર પડસે ક્ષેત્રપાળનુ વચન છે. ૪૪

૩૪૧ તમારા મનમા ઘણા દિવસથી ચિંતા છે તે મટસે અને સારૂં થસે તમે ચિતા કરસો નહીં તમને સુખ થસે સજ્જનથી પ્રિતી વધસે તમારા મનની ગુપ્ત ચિતા મટસે પુત્રનું સુખ થસે તમે હ-
...ની પૂજા કરજો અને શનીનુ દાન કરજો કાળ ભૈરવનું વચન

છે એની નિશાની તમારે મીત્ર જોડે સમધ રણુ લેહણું છે ૪૫

૩૪૨. તમારા મનમાં ચિંતા છે તે મટસે અને તમને ધનનો ઘણો લાભ થસે જે વસ્તુ તમારા હાથમાથી ગઇ છે તે પાછી હાથ આવસે જેનાથી પ્રીતી ટુટી છે તેનાથી મેળાપ થસે અણુધારી ખુશાલી ઉપજસે પણ તમે ગ્રહની પુજા કરજો તેથી તમારૂં ભલું થસે માતા ખોડીયારનું વચન છે. એની નિશાની તમારી ઇંદ્રી ઉપર તલ છે. ૪૬

૩૪૩. આ શુકન મધ્યમ છે તેથી ચાર મનુષ્યમાં તમને માન મળસે તમારા મનમાં ઘણા દિવસથી ચિંતા છે ને મનમા કલેશ રહે છે તમારા હાથમાંથી ગએલી વસ્તુ હાલ પાછી તમારા હાથમા આવવાની છે પણ ધરમ કરજો ગ્રહની પુજા કરજો નહીંતો માઠું થસે એની નિશાની તમારે એક ઠેકાણેથી પ્રીત ટુટી છે તેનાથી મેળાપ થસે શતરૂનો નાશ થસે હનુમાનજીનું વચન છે એની નિશાની તમારો પાડોસ સેંવાય તેવો નથી. ૪૭

૩૨૪. આ શુકનથી મંગળીકનાં વાજાં વાગસે અને ઘણો લાભ થસે ભાઇથી પ્રિત વધસે-મનની ચિંતા મટસે કુટુંબથી વૃદ્ધિ થસે સજ્જનથી મેળાપ થસે જે વસ્તુ તમારા હાથમાંથી ગઇ છે તે પાછી તમારે હાથ આવસે સજનથી આદરમાન મળસે મનના મનોરથ પાર પડસે મંગળની પુજા કરજો તેથી તમારા મનમાં ગુમ વારતા ધારેલી પાર પડસે માતા લક્ષ્મીજીનું વચન છે એની નિશાની તમારે કોઇની જોડે લહેણું નથી. ૪૮

૪૧૧. આ શુકનથી હાણુ થાય, શરીરે પીડા નિપજે, આશા નિષ્ફળ થાય, હાથમાં આવેલું ધન પાછુ જાય તમે બીજું કામ ધારજો તેમાં તમને લાભ થસે તે કામમા ફીકર રાખસો નહીં ધનનો લાભ થસે કલ્પના હસે તે મટસે મિત્રથી મેળાપ થસે મંગળની પૂજા કરજો તેથી એની નિશાની તમારી જમણી ભુજા ઉપર તલ છે. ૪૯

૪૦૨. આ શુકનથી તમારા મનમાં સ્ત્રી તથા પુત્ર સબં

ખની ચિંતા છે તથા કઇક ધનનો પણ નાશ થયો છે. ને કલેશ છે તે નરવે મટશે અને તમારા મનની ચિંતા પણ થોડ દીવસે દુર થશે મીત્રથી મેળાપ થશે તમે કઇક વિલંબ કરજો તેથી તમારૂ કાર્ય સિદ્ધ થસે જગન્નાથજીનુ વચન છે. એની નિશાની તમારે મીત્રની જોડે લહેણું નથી. ૫૦

૪૧૭. આ શુકનથી તમારા મનમાં ધનની ચિંતા છે તે મટસે તથા તમને રાજાથી સન્માન થસે પરદેશથી ખુશાલી ઉપજશે તમને સ્ત્રીની ચિંતા છે તે પણ મટશે તમારી ગઇ વસ્તુ પાછી હાથ આવસે. મનના મનોરથ પાર પડશે તમે ગ્રહની પુજા કરજો તેથી તમારૂ કામ સિદ્ધ થશે હનુમાનજીનુ વચન છે. ૫૧

૪૧૪ આ શુકનનુ ફળ મધ્યમ છે, પ્રથમ ચિંતા ઉપજી પાછળથી ખુશાલી ઉપજે, તમારા મનમા એક શુભ ચિંતા છે તે એક માસમા મટશે ધનનો લાભ થશે શરીરે સુખ ઉપજશે મનના મનોરથ ફળશે તમે મગળની પુજા કરજો તેથી તમારૂ ધાર્યું કામ પરીપૂર્ણ થશે માતા સીતાજીનુ વચન છે એની નિશાની તમારી છાતીએ તલ છે. ૫૨

૪૨૧ આ સુકનના ફળ તમને લાભના છે મીત્રનો મેળાપ થસે તમારા મનની ચિંતા મટસે, હવે તમને ધનનો લાભ ને બ્યારૂ ભલુ થસે ગ્રહની પૂજા કરજો તેથી સુખ ઉપજસે શનિશ્ચરનુ વચન છે એની નિશાની તમારા શરીરમા ગુપ્ત રોગ છે. ૫૩

૪૨૨. તમારા શરીરમા ત્રણ વરસ થયા સુખ નથી અને ધન પુત્ર તથા સ્ત્રીનુ પણ દુખ છે. માટે તમે વીચારીને કામ કરજો અને કોઇનો વિશ્વાસ રાખસો નહી પુન્યદાન કરવાથી તમારૂ સારૂ થસે જગત માતાનુ વચન છે એની નિશાની તમારે ધનદોલતનો લાભ થસે ૫૪

૪૨૩. તમારા મનમાં ધારેલાં કામ હમેશા પાર પડસે ને સજ્જનોથી મેળાપ થશે તમારા શરીરમા વ્યાધી છે તે સારૂં ઓસડ
૧ શરીરની વ્યાધી મટશે આપણા કુળ દેવતાની પુજા કરજો

માં આનદ થસે અંબાજીનુ વચન છે એની નિશાની તમારા પ ઉપર તલ છે. ૫૫

૪૨૪. તમારા મનમા ઘણા દીવસથી ચિંતા છે તે મટશે તમે તમારા મનમા કઇ મોટુ કામ ધાર્યું છે પણ વિલંબ કર્યાથી પાર પડસે ઉતાવળ ના કરસો. ઉતાવળ કર્યાથી ઉલટુ કામ બગડસે મનમા વિશ્વાસ રાખજો નકી તમને ખુશાલી પેદા થશે આપણા કુળદેવતાની પુજા કરજો ભૈરવનુ વચન છે એની નિશાની તમારે ઘરનુ સુખ સામાન્ય છે ૫૬

૪૩૧. આ શુકનથી તમારા મનના મનોરથ ફળશે, અને તમને સ્થાનકની ચિંતા છે તે મટશે ભાઈ બાપનો મેળાપ થશે તમારા દુ ખના દહાડા હતા તે ગયા અને હવે સુખના આવ્યા છે તેથી ધનની પ્રાપ્તી થશે સ્ત્રી પુત્રનું સુખ મળસે ગ્રહની પુજા કરજો એથી સારૂ સુખ નિપજશે માતા અંબાજીનુ વચન છે એની નિશાની તમારી સ્ત્રી જુદા બોલી છે. ૫૭

૪૩૨. આ સુકનથી ચિંતા ટેશ અને દુ ખ મટશે સ્ત્રી પુત્રનો લાભ થશે તમારા મનમા પરદેશ જવાની ચિંતા છે તે મટશે અને પરદેશથી કઇક લાભ થશે પણ તમે હનમાનજીની પૃજા કરજો તેથી તમારા સર્વ કામ સિદ્ધ નિપજસે માતા આશાપુરીનુ વચન છે એની નિશાની સ્વપ્નામા તમે સ્ત્રી દેખો છો. ૫૮

૪૩૩. આ સુકનથી તમને ધનનો લાભ થસે અને મિત્રથી મેળાપ થસે અને તમારા મનમાં ખુસાલી ઉપજસે શતરૂનો નાશ થસે તમે મનના ધર્મી છો તેથી તમારૂ ભલુ થસે પણ તમે મગળની પૂજા કરજો તેથી તમારૂ કામ પાર પડસે માતા અનપુરણાનુ વચન છે. એની નિશાની તમારી જમણી ભુજાએ તલ છે. ૫૯

૪૩૪. આ સુકનથી તમારા મનના મનોરથ ફળસે. તમારા મનમાં જે વિચાર ધારો છો તે પાર પડસે તમારા ગુરૂદેવતાના પ્રસાદથી મનના મનોરથ ફળસે. પણ તમે ગ્રહની પૂજા કરજો તેથી તમારા મનની ગુપ્ત ચિંતા મટસે માતા કાળકાનુ વચન છે એની નિશાની તમારે એક ગુપ્ત ચિંતા છે. ૬૦

૪૪૧. આ સુકનમાં ભાઇ ભાંડુને પીડા થાય, અ
અંગે પીડા થાય, મનમાં શંકા થાય, તમારા ગ્રહ કમણું
છે, થાડા દહાડા ધીરજ રાખી પછી કામ કરજો તમારા હાથમાથ
જે વસ્તુ ગઇ છે તે ઘણી મુસ્કેલીથી પાછી તમારે હાથ આવસે
પણ તમે ગ્રહની પૂજા કરજો તેથી તમારૂં કામ સિદ્ધ થસે, માતા
બોકાઇનુ વચન છે. એની નિશાની તમારા પેટે તલ છે.

૪૪૨ આ સુકન હેમના છે ધર્મકાર્યેથી તમારૂં કામ સિદ્ધ
થશે પણ તમે જે કામ કરો તેનો અંત દેશો નહી તેથી તમને
લાભ થશે તમે ગ્રહનું દાન કરજો આપણા કુળદેવતાની પૂજા કરજો
તેથી કામ પરિપુર્ણ થશે માતા વેહેરાઇનુ વચન છે એની નિશાની
તમારા શરીરે સુખ નથી.

૪૪૩. આ સુકનથી ધારેલું કામ થસે નહીં ને ઉલટી ધનની
હાની થસે માહોમાહેમા વિરોધ ઉપજશે તમારા જીવની એ
મોટી ઘાત છે માટે તમે સાવધાન રહેજો અને જે કંઇ કામ ક
તે વીચારીને કરજો તેમા તમને લાભ થશે. ગ્રહની પુજા ક
તેથી તમારૂં દુખ નિવારણ થસે માતા લોકાઇનું વચન છે. એ
નિશાની તમારી ઇંદ્રિ ઉપર તલ છે. ૬૩

૪૪૪ જે કામ તમે કરવુ ધારો છો તે સિદ્ધ થસે, ધનનં
લાભ થસે, સ્ત્રી તથા પુત્રનો લાભ થસે તમારા હાથમાંથી ગએલ
વસ્તુ પાછી તમારે હાથ આવસે તમારી ગ્રહસ્થા એક વરસ સુધ
સારી છે તેથી શનરૂ પગે લાગસે, વેપારમા લાભ થસે તમારા
મનમાં ઘણી ચિંતા રાખસો નહી ને આપણા કુળદેવતાની પૂજા
કરજો તેથી કામ પરિપુર્ણ થસે માતા અંબાજીનું વચન છે એની
નિશાની તમારી ઇંદ્રિ ઉપર તલ છે. ૬૪

સમાપ્ત.